# ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર

## ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો : લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૪.૮ ડિ.સે. નોંધાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો અનુભવાયો છે. અત્યાર સુધી ફક્ત રાત્રી દરમ્યાન જ અનુભવાતી ઠંડી શુક્રવારે દિવસ દરમ્યાન પણ અનુભવાઈ હતી. હજુ થોડાક દિવસ પહેલાં આકરો લાગતો તડકો હવે કોમળ બની રહ્યો છે.

નવેમ્બર માસના મધ્યે ધીમે ધીમે ઠંડી વધી રહી છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો છે. પંખાની સ્પીડ એકદમ ઘટી ગઈ છે. દિવસ દરમ્યાન પણ સારી એવી ઠંડી અનુભવાઈ હતી. હજુ થોડાક દિવસ પહેલા જ બપોરનો તડકો ખૂબ આકરો લાગતો હતો અને ગરમી અનુભવાતી હતી પરંતુ છેલ્લા બે દિવસથી તડકાની તીવ્રતા એકદમ ઘટી ગઈ છે. તડકો હવે સારો લાગવા માંડ્યો છે. ઠંડી વધતા દિવસ પણ ટુંકો થતો જાય છે. સવાર મોડી પડે છે અને દિવસ વહેલો આથમી જાય છે.

હવામાન વિભાગ પાસેથી પ્રાપ્ત આંકડાઓ અનુસાર આજનો દિવસ ગાંધીનગર માટે સૌથી ઠંડો રહ્યો હતો. આ સાથે જ શહેર રાજ્યનું સૌથી કોલ્ડેસ્ટ સીટી બની રહ્યું હતું. લઘુત્તમ તાપમાન ૧૪.૦ ડિ.સે. નોંધાતા વસાહતીઓએ સારી એવી ઠંડી અનુભવી હતી. બીજા નંબરે ૧૪.૨ ડિ.સે. સાથે નલીયા રહ્યુ હતુ. ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં ખૂબ બરફ વર્ષા થઈ છે. જેના કારણે ઠંડી વધી છે. ઠંડી વધતા શહેરની ચહેલપહેલ સાવ ઓછી થઈ ગઈ છે. શહેરના આંતરિક માર્ગો દસ વાગ્યા બાદ એકદમ સુમસામ થઈ જાય છે. માત્ર મુખ્ય માર્ગો પર થોડીક અવરજવર રહે છે. આગામી દિવસોમાં ઠંડી વધવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

ઠંડીનો ચમકારો અનુભવાતા ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે દ્વિ ચક્રી વાહન પર બહાર નીકળતા સમયે ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. વડીલો અને બાળકોને તો ગરમ વસ્ત્રોમાં જ લપેટાઈને ફરવુ પડે છે. ઠંડી શરૂ થતાં જ ગરમ વસ્ત્રોના બજારમાં ખરીદીની મોસમ જામી છે. સેક્ટર-૬માં લાગેલા તિબેટીયન માર્કેટમાં ગરમ વસ્ત્રોનું વેચાણ વધ્યુ છે.

# મંત્રી વાસણભાઈ આહિરના નામથી તેમના જ સંબંધીઓ પાસેથી લાખો છેતરપીંડી

**જે મોબાઇલ નંબર ઉપરથી ફોન કરવામાં આવતો હતો તેમાં ટ્રુકોલરમાં 'વાસણ આહીર' નું નામ લખી દેવાયું હતું : દસથી વધુ સંબંધીઓને ફોન કરીને બેંક ખાતા નંબર આપી રૂપિયા ટ્રાન્સફર કરાવડાવ્યા : મંત્રીના અંગત સચિવે સે-૭ પોલીસ મથકમાં નોંધાવી ફરિયાદ**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં ચિટરો બેફામ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ચિટરોને કાયદાનો સહેજ પણ ભય ન હોય તેમ બિન્દાસ્તપણે લોકોને ઉલ્લુ બનાવીને છેતરપિંડી આચરવા લાગ્યા છે. હજુ વિનય શાહ પ્રકરણ પરથી નજર હટી નથી ત્યાં ગુજરાતના જ એક રાજ્યકક્ષાના મંત્રીને આવા એક ચિટરનો સામનો કરવાનો વારો આવ્યો છે. મંત્રી વાસણભાઈ આહિરના નામે તેમના જ સગા-સબંધીઓને ચિટરે ફોન કરીને છેતર્યા હોવાની વિગતો બહાર આવી છે. 'મારા એક નજીક ના સગાને અકસ્માત થયો છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેમને હોસ્પિટલમાં ખર્ચ માટે તાત્કાલિક નાણાકીય સહાયની જરૂર છે' તેમ કહીને વાસણભાઈ આહિર ના નામ થી તેમના જ સંબંધીઓને ફોન કરીને ચિટરે બેંક ખાતામાં પૈસા મંગાવી

● અનુસંધાન પાના - ૫ પર

## આરોપી મુંબઈથી ઝડપાયો

### અમદાવાદ સિટી ક્રાઈમે ચિટરની ધરપકડ કરીને ગાંધીનગર એલસીબીને સોંપ્યો

મંત્રી વાસણભાઈ આહિરના નામે તેમના જ સગા સબંધી ને ફોન કરી ને લાખોની છેતરપિંડી આચરનાર શખ્સ સામે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ તેના ૨૪ કલાકમાં જ આરોપી



પોલીસના સકંજામાં આવી ગયો છે. મળતી માહિતી મુજબ અમદાવાદ સિટી ક્રાઈમ ની ટીમ દ્વારા આજે સાંજે આ છેતરપિંડી કરનાર મુખ્ય સૂત્રધાર માસ્ટરમાઈન્ડને મુંબઈથી દબોચી લેવામાં આવ્યો છે.

● અનુસંધાન પાના - ૫ પર

## ઉમેદવારીપત્ર સાથે રજુ કરાતા નમૂનામાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૭

ભારતીય ચૂંટણી પંચ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને અનુલક્ષીને લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન ઉમેદવારોએ ઉમેદવારી પત્રની સાથે રજૂ કરવાના સોગંદનામાના નમૂના (ફોર્મ નં-૨૬)માં સુધારા-ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં ઉમેદવારોએ તેઓની સામેના ફોજદારી કેસો, મિલકત દેવું, જવાબદારી તથા શૈક્ષણિક લાયકાતની માહિતી દર્શાવતું સોગંદનામું હવે પછીની લોકસભા અને વિધાનસભાની તમામ ચૂંટણીઓમાં સુધારેલા નમૂના પ્રમાણે જ ફોર્મ નં.-૨૬માં રજૂ કરવાનું રહેશે તેમ, રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી ડૉ. એસ.મુરલીક્રિષ્ણાની અખબારી યાદીમાં જણાવાયું છે. સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને ધ્યાને રાખીને ભારતના ચૂંટણી પંચ દ્વારા વધુમાં જણાવવામાં આવે છે કે, જે ઉમેદવારો સામે ફોજદારી કેસો પડતર હોય કે ભૂતકાળમાં કોઇ કેસ સંદર્ભે સજા થઈ હોય તેવા ઉમેદવારોએ આ કેસોની વિગતો બહોળી પ્રસિદ્ધિ સારૂ જે-તે મતક્ષેત્ર વિસ્તારના બહોળો ફેલાવો ધરાવતા સમાચાર પત્રમાં પ્રસિદ્ધ કરવી પડશે.

# અન્ય સેકટરોમાં પણ ફેન્સીંગના દબાણો દુર કરવા માટે કાર્યવાહી કરાશે

## સે-૨૪ માં આજે રહેણાંક મકાનો પાસેથી ૪૮ વાડા દુર કરાયા

ગાંધીનગર તા ૧૭

શહેરમાં સે-૨૪માં છેલ્લા બે મહીનાથી દબાણતંત્રએ ધામા નાંખ્યા છે. અગાઉ કાચા પાકા દબાણોનો સફાયો કરી દીધા બાદ દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.આજે પણ સતત બીજા દિવસે ૪૮ જેટલા વાડા દુર કરીને જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.



હાલમાં છેલ્લા બે દિવસથી ઘર આંગણે ગેરકાયદેસર રીતે મોટી જગ્યામાં ફેન્સીંગ તાંણી બેઠેલા દબાણકર્તાઓ સામે પગલા લેવાઈ રહ્યા છે. જે સી બી ની મદદથી ફેન્સીંગ તેમજ અન્ય પ્રકારના વાડા

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ અન્વેય છેલ્લા બે મહીનાથી તંત્રની ટીમે બઘડાટી બોલાવી છે. પ્રાથમિક તબક્કે લારી ગલ્લાના દબાણો દુર કરવા મેદાને ઉતરેલી દબાણતંત્રની ટીમ આખરે શહેરમાં મોટા દબાણો ઉપર બુલડોઝર ફેરવવા માટે કામે લાગી હતી. જેમાં સે-૨૪ માં મોટાભાગના દબાણોનો ખાતમો બોલાવી દેવાયો છે. સે-૨૪ માં દબાણોની સંખ્યા વિશેષ હોવાથી દબાણ તંત્રની ટીમે મોટી ઝુંબેશ હાથ ધરી હતી. જયારે દબાણ હટાવ ઝુંબેશની સાથે સેકટરોના રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે હેતુફેરના કિસ્સામાં નોટીસ આપી દુકાનો સીલ કરવા સુધીના પગલા લેવાયા હતા.

જો કે સેકટર ૨૪ તરફ થી હજુ દબાણ તંત્રની ટીમનો ડોળો હટ્યો નથી. છેલ્લા બે દિવસથી દબાણ શાખા દ્વારા સેકટરમાં ફેન્સીંગના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. સેકટરમાં પ્લોટથી વધુ જગ્યામાં ફેન્સીંગ કરીને જગ્યા પર મોટી ફેન્સીંગ તાંણી બાંધવામાં આવતા આ ઠેકાણે પણ તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવાનુ શરૂ કરાયુ છે. ગઈકાલે પણ તંત્ર દ્વારા ૧૧ જેટલા દબાણો દુર કરાયા હતા. જયારે આજે પણ સેકટર -૨૪ માં કુલ ૪૮ જેટલા વાડા દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ નગરના અન્ય સેકટરોમાંથી પણ દબાણો દુર કરવા માટે પગલા લેવાશે. જયારે રહેણાંક વિસ્તારમાં પાંગરતી ફેન્સીંગ તેમજ વાડા પણ દુર કરાશે. શહેરના અન્ય સેકટરોમાં પણ ફેન્સીંગના દબાણોની સંખ્યા વિશેષ છે.

# જિલ્લામાં રવિ સીઝનમાં વાવણી પેટર્ન બદલાવાના સંકેતો

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લામાં ઠંડીનો માહોલ જામતાં જ રવિ સિઝનની વાવણીમાં વેગ આવ્યો છે. આજ સુધીમાં જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૮૩૦૪ હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં રવિ સીઝનમાં પાક પેટર્નમાં બદલાવ થવાના સંકેતો વાવેતર વિસ્તારની વિગતો પરથી મળી રહ્યા છે. જિલ્લામાં આ વખતે તમાકુના પાકનું ૪૬૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. તો બટાટાનું ૭૬૦ હેક્ટરમાં અને શાકભાજીના પાકોનું પણ ૭૬૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં એક દસકા બાદ પુનઃ ખેડૂત તમાકુના પાકના વાવેતર તરફ વળ્યો છે. આ ઉપરાંત ઘાસચારામાં પણ રજકાના ઘાસચારાનું તેમજ અન્ય ઘાસચારાનું વાવેતર મળી ૪૭૫૫ હેક્ટરમાં થયુ છે. વરિયાળીના પાકનું વાવેતર પણ ૨૨૨ હેક્ટર વિસ્તારમાં થવા પામ્યુ છે.

ઠંડીના આરંભને પગલે ઘઉંના પાકનું ધીમુ વાવેતર શરૂ થયુ છે. જિલ્લામાં ૫૭૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જો કે જિલ્લામાં ઘઉંનો મુખ્ય પાક રવિ સીઝનમાં ગણાય છે. રાઈનું પણ ૫૮૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. તો ચણાના પાકનું ૧૪૬ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

જિલ્લા ખેતીતંત્ર દ્વારા જે વિગતો ઉપલબ્ધ બની છે તે જોતાં આ વખતે પાક પેટર્ન બદલાતી જોવા મળી રહી છે. કઠોળ, તેલિબિયાં અને તમાકુના વાવેતર વિસ્તારમાં વૃદ્ધિ જોવા મળી રહી છે. જિલ્લામાં પિયતની સુવિધાઓ અપૂરતી હોવાથી ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવનાઓ દેખાઈ રહી છે.

# રાજ્યમાં વધુ ૪૫ તાલુકા અછતગ્રસ્ત જાહેર

## અછતગ્રસ્ત તાલુકાઓમાં પહેલી ડિસેમ્બરથી ઘાસચારો, પાણી અને મનરેગા હેઠળ રોજગાર મળશે : નીતિન પટેલ


ગાંધીનગર, તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા ૨૫૦થી ૪૦૦ મિલી જેટલો ઓછો વરસાદ થયો હોય તેવા ૪૫ તાલુકાઓને રાજ્ય સરકારે અછતગ્રસ્ત જાહેર કરી વાવેતર-બિયારણ વગેરેના નુકશાનમાં ખેડૂતોને વળતર-સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ જાહેરાત કરતા કહ્યું કે, એક તાલુકામાં અંદાજે રૂ.૨૮થી ૩૦ કરોડ પ્રમાણે કુલ ૧૩૦૦ કરોડની સહાય રાજ્ય સરકારના બજેટમાંથી કરવામાં આવશે. અગાઉ રાજયના ૫૧ તાલુકાઓ અછતગ્રસ્ત જાહેર કરાયા હતા, આમ આજના ૪૫ સાથે મળી રાજયના કુલ ૯૬ તાલુકાઓ અછતગ્રસ્ત જાહેર થયા છે. એટલે કે, રાજયના ૪૪ ટકા તાલુકાઓ અછતગ્રસ્તની યાદીમાં આવી ગયા છે. રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે પત્રકારો સમક્ષ આ જાહેરાત કરતા કહ્યું કે, રાજ્ય સરકાર ધ્વારા અગાઉ ૫૧ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલા છે. આ તાલુકાઓમાં ૧ ડિસેમ્બરથી અછતની કામગીરી શરૂ કરી ઘાસચારો, પાણી, મનરેગા હેઠળ રોજગારી આપવામાં આવશે. ૨૫૦ મિલીથી ઓછો વરસાદ પડ્યો હોય તેવા આ તાલુકાઓમાં ભારત સરકારના ધારાધોરણ પ્રમાણે કુલ રૂ.૫૦૬૧ કરોડ જેટલો ખર્ચ થશે. જયારે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી અછત સમિતિની બેઠકમાં વિવિધ રજુઆતો અંગે ચર્ચા કરી અન્ય તાલુકાઓને પણ અછત જેવી સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, ૨૫૦થી ૪૦૦ મિલી જેટલો વરસાદ પડ્યો હોય તેવા ૪૫ તાલુકાઓમાં બિયારણ-વાવેતર સુકાઈ ગયું હોય તેવા ખેડૂતોને રાજ્ય સરકારના બજેટમાંથી સહાય આપવામાં આવશે. તેમણે કહ્યું કે, કુદરતી ન્યાયના સિદ્ધાંત હેઠળ ત્રણ ભાગ પાડી સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ૨૫૦થી ૩૦૦ મિલી વરસાદ પડ્યો હોય તેવા ૧૪ તાલુકાઓમાં એક હેકટર દીઠ રૂપિયા ૬૩૦૦ આપવામાં આવશે. જયારે ૩૦૦થી ૩૫૦ મિલી વરસાદ પડ્યો હોય તેવા ૧૨ તાલુકાઓમાં હેક્ટર દીઠ રૂપિયા ૫૮૦૦ તેમજ ૩૫૦થી ૪૦૦ મિલી વરસાદવાળા ૧૯ તાલુકામાં રૂપિયા ૫૩૦૦ આપવામાં આવશે.

## ... તો પાટીદાર અનામત માટે વિચારાશે

મહારાષ્ટ્રમાં સરકારે મરાઠા જાતિને આપેલી અનામતને લઈને ગુજરાતમાં પાટીદારો ફરી સક્રિય થયા છે અને સરકારને ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે ત્યારે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં મરાઠાઓને આપવામાં આવેલી અનામત યોગ્ય ઠરશે તો તે દિશામાં ગુજરાત સરકાર પણ આગળ વધશે અને પાટીદારોને અનામત આપવા બાબતે વિચારણા કરશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના આશા જગાવતાં આ નિવેદનને લઈ પાટીદારોમાં પણ ચર્ચા જાગી છે જો કે, આ માત્ર ઠાલા વચન જ છે કે કે પછી સરકારની સાચી મનષા તેને લઈને પણ પાટીદાર સમાજમાં સવાલો ઉઠી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં અગાઉ ઈબીસી અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો જેની સામે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેસ પેન્ડિંગ છે. જ્યારે મહારાષ્ટ્ર સરકારે મરાઠા સમાજને જે રીતે અનામત આપવાનો નિર્ણય કર્યો છે તેમાં કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ તેમાં સર્વે કરવામાં આવ્યો છે તે જ પ્રમાણે ગુજરાતમાં પણ અનામત આયોગ કાર્યરત છે તો તે મુજબ સર્વે કરવામાં આવે અને સરકારનો અભિપ્રાય લેવામાં આવે તે પછી આગળની કાર્યવાહી થઈ શકે છે.

## બેસણું



મારા પરમપૂજ્ય **પિતાશ્રી નરેન્દ્રકુમાર રતિલાલ મહેતાનું** (સાણંદવાળા) તા. ૧૭.૧૧.૨૦૧૮ ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૮.૧૧.૨૦૧૮, રવિવારે સવારે ૯:૦૦થી ૧૧:૦૦ સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : વિવિધલક્ષી હોલ, જૈન દેરાસર ની બાજુમાં, સેક્ટર-૨૨, ગાંધીનગર.**

લિ. : સ્વ.રતિલાલ અમૃતલાલ મહેતા પરિવાર • રાકેશ નરેન્દ્રકુમાર મહેતા• મૃદુલા પ્રદિપકુમાર મહેતા • નિકુંજબાળા મુકેશકુમાર શાહ

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળ અને સમયે રાખેલ છે.
છોટાલાલ સાંકળચંદ શાહ પરિવાર (કાવિઠા વાળા)

# પાટનગરમાં પ્લોટોના હેતુફેર ઉપયોગની સમસ્યાનો મુદ્દો સંકલનમાં ગાજ્યો

ગાંધીનગર, તા. ૧૭

આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલનની બેઠકમાં ગાંધીનગર શહેરમાં પ્લોટોના હેતુફેર, દબાણો તેમજ પ્રદૂષણને લગતા પ્રશ્નો ચમક્યા હતા.

જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે. લાંગાના અધ્યક્ષપદે મળેલી આજની બેઠકમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે સેક્ટર-૬ સહિત વિવિધ સેક્ટરોમાં પ્લોટોનો હેતુફેર કરી અને થતા ઉપયોગને લઈ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે સે. ૬માં સરકારે ફાળવેલા રાહતદરના પ્લોટોમાં વાણિજ્ય પ્રવૃત્તિ ચાલતી હોવાની ફરિયાદ રજુ કરી હતી. આથી તેમણે આ સેક્ટરમાં કેટલા પ્લોટ રહેણાંક, વાણિજ્ય માટે ફાળવ્યા છે તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

જો કે તંત્ર દ્વારા આ માટે ભળતો જવાબ રજુ કરાયો હતો. આથી ઠાકોરે તેમને માંગેલી વિગતો નહિ મળતી હોવાની ફરિયાદ કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ તેમની વાત સાથે સહમતિ દર્શાવી જણાવ્યુ હતુ કે તમારી વાત હું સમજી ગયો છુ. ઘણા બધા સેક્ટરોમાં આવી જ સ્થિતિ છે. તેમણે તંત્રને આ દિશામાં યોગ્ય જવાબ રજુ કરવા સૂચના આપી હતી.

કલોલ પંથકમાં ઔદ્યોગિક ગૃહો દ્વારા થયેલા દબાણોનો મુદ્દો પણ તેમણે રજુ કરી આ દબાણો દૂર કરવામાં આવે તેવી ઉગ્ર રજુઆત કરી હતી.

કલોલમાં ઔદ્યોગિક એકમો દ્વારા થતા પ્રદૂષણ અંગેનો મુદ્દો રજુ કરી લોકોના આરોગ્ય સામે ઉભા થતા પ્રશ્નોને લઈ ચિંતા વ્યક્ત કરી હતી. આ મુદ્દે તંત્રએ જણાવ્યુ હતુ કે પ્રદૂષણને લઈ ૪૫ એકમોને નોટીસ અપાઈ છે તેમજ પાંચ એકમોને ક્લોઝર નોટીસ પણ અપાઈ છે.

**કલોલમાં પ્રદૂષણ ફેલાવતા ૪૫ એકમોને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કારણદર્શક નોટીસ આપી**

આજની આ સંકલન બેઠકમાં કલેક્ટરશ્રીએ કુપોષણ મુક્તિ અભિયાનને લઈ પણ અધિકારીઓ સાથે પરામર્શ કર્યો હતો. જોકે ૧લી જાન્યુઆરી ૧૯થી તે અમલી બનશે તેવા સંકેતો આપી અભિયાન અંગે અધિકારીઓના મનમાં ચાલતા વિચારો જાણવાનો પ્રયાસ કર્યો હતો.

આ બેઠકમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, બળદેવજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, જિલ્લા પોલીસ વડા અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## ટેકાના ભાવે ૩૫૪ ક્વીન્ટલ મગફળી ખરીદાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે ૩૫૪ ક્વીન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી.

તંત્ર દ્વારા ૩૦ ખેડૂતોને માલ લઈ આવવા જણાવ્યા બાદ માત્ર ૧૭ ખેડૂતો જ આજે ઉત્પાદન સાથે આવ્યા હતા. તંત્ર દ્વારા આ ઉત્પાદનની ટેકાના ભાવે ખરીદી કરી લેવામાં આવી હતી.

છેલ્લા ત્રણ દિવસમાં તંત્ર દ્વારા જિલ્લામાં ૧૮૨૮ ક્વીન્ટલ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે. સોમવારથી આ ખરીદ પ્રક્રિયામાં વેગ આવશે તેમ મનાઈ રહ્યું છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com